ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# વાવોલમાં માટી પોલાણ થતા આખો રસ્તો ગરકાવ

## સાલ્વીક હોમ સોસાયટીના રહીશોએ રસ્તો શોધવો પડે તેવી સ્થિતિ : ડામર રોડના કામમાં ભ્રષ્ટાચાર !

ગાંધીનગર, તા. ૫

વાવોલમાં વરસાદના લીધે ગટરલાઈનમાં પોલાળ થતા આખેઆખો ડામર રોડ પાંચ ફૂટ જેટલો જમીનમાં ગરકાવ થઈ ગયો છે. કોલવડા માર્ગ સામે સ્થિત સાલ્વીક હોમ સોસાયટી પાસે ૬ મહીના અગાઉ જ ભૂગર્ભ ગટરલાઈનનું કામ હાથ ધરાયું હતું. સ્થાનિક રહીશો દ્વારા અગાઉ આ મામલે થોકબંધ રજૂઆત કરી મેટલરોડ બનાવવા માંગણી કરવામાં આવી હતી. આખરે આ અંગે કોઈ પગલા ન લેવાતા સોસાયટી નજીક જવાનો રસ્તો જ અદૃશ્ય થઈ ગયો છે !!

વાવોલમાં વરસાદી હેલીના અંતે સ્થાનિક રહીશો પોતાની સોસાયટીમાં પ્રવેશી ન શકે તેવી સ્થિતિ સર્જાઈ છે. વાવોલમાં સ્થિત સાલ્વીક હોમ સોસાયટી સામે અંદાજે ૬ મહીના અગાઉ ગુડા દ્વારા ભૂગર્ભ ગટરલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. ૨ કી.મી. લાંબી આ લાઈન સંદર્ભે ૨૦ ફૂટનું ખોદાણ કરવામાં આવ્યું હતું. જ્યારે ગટરલાઈનની કામગીરી બાદ યોગ્ય માટીપુરાણ ન થતા સ્થાનિક રહીશો દ્વારા આ મામલે અગાઉ ૬ વખત ગુડાના તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ દરમિયાન સોસાયટીના રહીશો દ્વારા ડામર રોડનું કામ હાથ ધરવા પણ રજૂઆતમાં જણાવાયું હતું. પરંતુ કોઈ પગલા ન લેવાતા સતત વરસાદના લીધે ગટરલાઈને સમાંતર ડામર રોડ પણ માટી પોલાણ થવાથી ૫ ફૂટ જેટલા અંદર ગરકાવ થઈ ગયો છે. સોસાયટીનો ૩૦ ફૂટ જેટલો રસ્તો અંદર બેસી જતા સ્થાનિક રહીશોએ અવર-જવર કરવાનું પણ મુશ્કેલ બન્યું છે. બીજીતરફ માર્ગ-મકાન વિભાગ દ્વારા હાથ ધરાયેલ ડામરરોડની કામગીરીને પણ ભ્રષ્ટાચાર ભરખી ગયો હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. આ ભયજનક સ્થિતિ સંદર્ભે સોસાયટીના ચેરમેન ડાહ્યાભાઈ મોહનભાઈ માલવી સહીતના અગ્રણીઓએ આજે ગુડાના તંત્ર સમક્ષ પણ રજૂઆત કરી હતી. જ્યારે રજૂઆત સંદર્ભે ટુંકમાં મેટલ રોડ બનાવવા રહીશોને ખાત્રી આપી હતી.







# ઉઘાડ બાદ સાંજે વરસાદી માહોલ

ગાંધીનગર, તા. ૫

ગઈકાલે મેઘાએ ધબધબાટી બોલાવ્યા બાદ આજે સવારે ઉઘાડ નીકળ્યો હતો. ઉઘાડ નીકળતા જનજીવન સામાન્ય બન્યુ હતુ. જો કે ગઈકાલે આખી રાત દરમ્યાન એક ઈંચ જેટલો વરસાદ વરસતા મોસમનો કુલ વરસાદ ૧૦ ઈંચ નોંધાયો છે.

ગાંધીનગરમાં મેઘરાજાની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તેજ વખતે ગઈકાલે મેઘરાજાએ પધરામણી કરી હતી અને આખો દિવસ વરસી ચોમેર ઠંડક પ્રસરાવી હતી. ગઈકાલે સાંજ પછી વરસાદ ધીમો પડ્યો હતો. મોડી રાત્રે એકાદ-બે ઝાપટા પડ્યા બાદ આજે સવારે વરસાદ બંધ થયો હતો. બપોરે ઉઘાડ નીકળ્યો હતો. ગઈકાલે ભરાયેલા પાણી આજે ઉતરવા માંડ્યા હતા. વન વિભાગે પડી ગયેલા વૃક્ષોને માર્ગ પરથી હટાવવાનું કાર્ય શરૂ કર્યું હતું. સાફ સફાઈનું કામ પણ શરૂ થયું હતું.



ગઈકાલે રાત્રે લગભગ એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. તે સાથે છેલ્લા બે દિવસનો વરસાદ ૧૩૧ મી.મી. નોંધાયો અને મોસમનો કુલ વરસાદ ૨૫૦ મી.મી. પહોંચ્યો હતો. આજે મહત્તમ તાપમાન ૩૦.૨ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૩.૦ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજ સવારે ૯૫ ટકા અને સાંજે ૫૫ ટકા રહ્યો હતો.

# ઓક્સિજન ફ્લો મીટર ફાટતા સિવિલના વોર્ડમાં નાસભાગ મચી

## વોર્ડમાં દાખલ દર્દીઓ હાથે ચઢાવેલા બાટલા લઈને બહાર દોડ્યા : નર્સીંગ સ્ટાફ પણ ધડાકાથી ભયભીત થઈને વોર્ડમાંથી બહાર નીકળી ગયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીને આઈ.સી.યુ.માં ખસેડતા પહેલા મેલ મેડીકલ વોર્ડમાં ટ્રીટમેન્ટ અપાઈ રહી હતી. કોડ બ્લ્યુ જાહેર કરીને ડૉક્ટર સ્ટાફ બોલાવી લેવાયો અને ટ્રીટમેન્ટ શરૂ કરાઈ તે દરમ્યાન ઓક્સીજન ફ્લો મીટર અચાનક ધડાકા સાથે ફાટતા નાસભાગ મચી ગઈ હતી. નર્સીંગ સ્ટાફ સહીત વોર્ડના દર્દીઓ બાટલા સાથે ભયભીત થઈને બહાર આવી ગયા હતા. ઓક્સીજનનો ફ્લો આંખમાં ઉડતા કેટલાકને સામાન્ય બળતરા શરૂ થઈ જવા પામી હતી.

મળતી માહિતી મુજબ એક દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલના

● અનુસંધાન પાના-૭ પર

# માણસામાં કપાસના પાકમાં મિલી બગ રોગે દેખા દેતાં ખેડૂતો ચિંતામાં

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં કપાસના પાકમાં મિલી બગ નામનો રોગ દેખા દેતાં કપાસ પકવતા ખેડૂતો ચિંતીત બન્યા છે.

જિલ્લામાં છેલ્લા બે દિવસ દરમિયાન પડેલા સારા વરસાદ બાદ આજે કોરૂ નીકળતાં અને ભેજવાળા વાતાવરણ વચ્ચે માણસા તાલુકાના છ જેટલા ગામોમાં આ રોગે દેખા દીધી છે. આ રોગે દેખા દેતાં જ કૃષિ તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની કચેરી દ્વારા તમામ ગ્રામસેવકોને આ અંગે સતર્ક રહી પાક પર ચાંપતી નજર રાખવા જણાવાયુંછે તેમજ ખેડૂતોને પણ ઈમીડા કલોપીડ ૫ મી.મી., અને પ્રોફેનેફોલ ૧૫ મી.મી. ૧૦ લીટર પાણીમાં મીકસ કરી સાબુના દ્રાવણ સાથે તેનું મિશ્રણ તૈયાર કરી છોડ આખો ભીંજાય ત્યાં સુધી છંટકાવ કરવાની ખાસ સલાહ આપવામાં આવી છે.

કપાસ એ ગાંધીનગર જિલ્લામાં મુખ્ય પાક ગણાય છે. કપાસનું સૌથી સારૂ વાવેતર માણસા તાલુકામાં થતું જોવા મળ્યું છે. માણસા તાલુકાના ખેડૂતો પ્રયોગશીલ ખેડૂતો તરીકે સમગ્ર રાજયમાં ખાસ કરીને કપાસના પાક માટે વિશેષ જાણીતા છે.

● અનુસંધાન પાના-૭ પર

# શહેરમાં સ્ટોર્મ વોટર લાઈન ચોકઅપ

## પ્રિ-મોનસૂન પ્લાનનો ફિયાસ્કો : મોડી રાત્રે તંત્રની ટીમ ભુવા પુરવા કામે લાગી : ચોકએપ લાઈનની વરસાદ બાદ સફાઈ થઈ !

ગાંધીનગર, તા.૫

શહેરમાં ૨૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ વરસતા માર્ગો પર વરસાદી પાણી ઉભરાવવાની સાથે ભુવાઓ અસ્તિત્વમાં આવ્યા હતા. માર્ગ વચાળે ભયજનક ભુવાઓ પુરવા તંત્રની ટીમ મોડીરાતથી જ કામે લાગી હતી. આજે વરાપ નિકળતા સ્ટોર્મ વોટર લાઈનમાંથી કચરો સાફ કરી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. જો કે પ્રિ-મોન્સુન એકટીવીટીઝના ભાગરૂપે વરસાદી પાણીના નિકાલની સફાઈ કરવામાં આવી હોવાની વાત પોકળ પુરવાર થઈ હતી.

વિલંબ બાદ મેઘરાજા મન મુકીને વરસતા શહેરમાં ચોમેર વરસાદી પાણી ઉભરાયેલું હતું. મુખ્ય માર્ગો સહીત સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાતા કલાકોમાં જ વિકરાળ સમસ્યાઓ ઉદભવી હતી. સેકટરોમાં વૃક્ષો ધરાશયી થવાની સાથે માર્ગ વચાળે મોટા મસ ભુવાઓ અસ્તિત્વમાં આવ્યા હતા. જેમાં ગ-૩ પાસે માર્ગની વચ્ચે મોટું ગાબડું પડયું હતું. જ્યારે સે-૫ના એપ્રોચ માર્ગ ઉપર પણ બે ગાબડા પડયા હતા. ભયજનક ભુવા કોઈ અકસ્માતનું કારણ બને તે પહેલા સફાળા જાગેલા તંત્ર દ્વારા રાતોરાત ભુવાઓ પુરવા અભિયાન હાથ ધરાયું હતું. કપચી-ગ્રીટના પુરાણથી ગાબડા પુરવા તંત્રની ટીમ કામે લાગી હતી. જ્યારે પ્રિ-મોન્સુન એકટીવીટીઝના ભાગ રૂપે સ્ટોર્મ વોટરલાઈનની સફાઈ કરી દેવાઈ હોવાના બણગા ફૂંકતા તંત્રની પણ પોલ ખુલી ગઈ હતી. 'ગ' અને 'ઘ' માર્ગ ઉપરાંત રોડ નં. ૩ અને ૬ ઉપર વરસાદી પાણીના નિકાલની લાઈન ચોકઅપ થઈ ગઈ હોવાથી વરસાદી પાણી ઉભરાઈ ગયા હતા. આજે તંત્ર દ્વારા લાઈનની સફાઈ હાથ ધરવામાં આવી હતી.

# પાલજમાં પાણી ભરાતાં તંત્રમાં દોડધામ

## શહેરમાં ૧૦ થી પણ વધુ વૃક્ષો ધરાશયી થયા : 'ક' રોડ પર ઢીંચણ સુધીના પાણી ભરાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામમાં ગઈકાલે થયેલા ભારે વરસાદને કારણે પાણી ભરાઈ જતાં જિલ્લાતંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

ગઈકાલે ગાંધીનગર તાલુકામાં અને શહેરમાં ચાર ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. પાલજ એ આમ તો નદી વિસ્તારનું ગામ હોવા છતાં અહિં પાણી ભરાઈ જવા પામ્યું હતું. આ અંગે તંત્રના અધિકારીઓને ફરિયાદ મળી હતી.

તંત્રના અધિકારીઓ તાબડતોબ જેસીબી અને અન્ય સામગ્રી સાથે આ ગામે પહોંચી ગયા હતા અને બે કલાક જેટલા સમયને અંતે પાણીનો નિકાલ કરવામાં સફળ રહ્યા હતા. આ માટે કેટલીક લાઈનો પણ તોડી કાઢી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને તાલુકામાં ગઈકાલે થયેલા વરસાદને કારણે ચિલોડા પાસેનું તળાવ પણ છલોછલ થઈ ગયા બાદ છલકાયું હતું. આ ઉપરાંત શહેરમાં ૧૦ થી વધુ વૃક્ષો ધરાશયી થવાની ઘટનાઓ પણ બની હતી. જો કે આ વૃક્ષો ધરાશયી થતાં કોઈ જાનહાનિ કે નુકશાની થયાના અહેવાલો મળ્યા નથી.

શહેરના 'ક'રોડ પણ ઢીંચણ સુધી પાણી ભરાઈ જવા પામ્યા હતા.

● અનુસંધાન પાના-૭ પર



ગાંધીનગરમાં પડેલા વરસાદના પગલે શહેરમાં અનેક સ્થાને પડેલા ભુવાઓને કારણે વાહનચાલકોને તકલીફો થઈ છે. (તસવીર : દિપક જાની)

# ભયજનક આવાસોને ફેન્સીંગ કરી તંત્ર હવે બોર્ડ લગાવશે !

## વરસાદી દિવસોમાં નિકાલ હેઠળના મકાનો ગમે ત્યારે કડડભૂસ થાય તેમ છે

ગાંધીનગર, તા. ૫

શહેરમાં નિકાલ હેઠળના મકાનો વરસાદી દિવસોમાં ગમે ત્યારે કડડભૂસ થાય તેવી દહેશત છે. આવા સંજોગોમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ શરૂ ન થાય ત્યાં સુધી આવાસોના રીસર્વે હાથ ધરી ફેન્સીંગ કરીને બોર્ડ મુકવામાં આવશે.

શહેરમાં નિકાલ હેઠળના ૧૮૦૪ મકાનો જોખમી હાલતમાં છે. નિકાલના આવાસો વર્ષોના અંતે તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. જો કે આવાસો તોડવાની કામગીરીમાં હજુ સમય જાય તેવી સ્થિતિ છે. ત્યારે ચોમાસાના દિવસોમાં નિકાલ હેઠળના આવાસો પૈકી અત્યંત ભયજનક મકાનો ગમે તે ઘડીએ પત્તાના મહેલની જેમ જમીનદોસ્ત થાય તેવી દહેશત છે. વરસાદી દિવસોમાં આમ પણ સરકારી આવાસોની છત સલામત ન હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ત્યારે નિકાલ હેઠળના જોખમી આવાસો પણ તંત્ર માટે લટકતી તલવાર સમાન પુરવાર થયા છે. વરસાદના સંજોગોમાં નિકાલ હેઠળના મકાનો જાનલેવા પુરવાર ન થાય તે માટે તંત્ર દ્વારા રીસર્વે હાથ ધરવામાં આવનાર છે. અલબત્ત જુદા જુદા સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના નિકાલ હેઠળના આવાસો પૈકી અત્યંત જોખમી આવાસોનો તાગ મેળવી તંત્ર દ્વારા આવા મકાનોને ફરતે ફેન્સીંગ કરવામાં આવશે, જ્યારે ભયજનક આવાસોમાં કોઈ પ્રવેશ ન કરે તે માટે બોર્ડ પણ મુકવામાં આવશે. થોડા સમય અગાઉ પણ સે. ૭માં નિકાલ હેઠળના મકાનોમાં શ્રમજીવીઓ રહેતા હોવાની હકીકત સામે આવી હતી. જો કે ત્યારબાદ આ મકાનો ખાલી કરાવાયા હતા. ચોમાસા દરમિયાન નિકાલ હેઠળના આવાસો જાનલેવા પુરવાર ન થાય તે માટે તંત્ર હવે સફાળુ જાગ્યુ છે.

# ગાંધીનગર જિલ્લાની રથયાત્રા માટે બંદોબસ્ત ગોઠવાયો

## સંવેદનશીલ વિસ્તારોની યાદી તૈયાર : દરેક જગ્યાએ વીડીયોગ્રાફી કરાશે : એલસીબીની ટીમ પોલીસ વડાની સ્ટ્રાઈકીંગ ફોર્સમાં રહેશે : ૯ પી.આઈ., ૩૦ પી.એસ.આઈ., ૪૦૦ પોલીસ તૈનાત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં વિવિધ સ્થળોએ રથયાત્રાની તૈયારીઓ તેજ બનાવી દેવામાં આવી છે ત્યારે શાંતિપૂર્ણ માહોલમાં રથયાત્રા સંપન્ન થાય તે હેતુસર અત્યારથી જ રથયાત્રા બંદોબસ્ત સ્કીમ પોલીસ દ્વારા તૈયાર કરી સંવેદનશીલ વિસ્તારોની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. કોમ્બીંગ નાઈટ ઉપરાંત સતત પોલીસ પેટ્રોલીંગ રથયાત્રાના બે દિવસ અગાઉથી જ શરૂ કરી દેવાશે અને ત્રણ ડીવાયએસપી ગાંધીનગર જિલ્લાની રથયાત્રાનું સુપરવિઝન કરશે. જિલ્લામાં ૩ ડિવાયએસપીના સુપરવિઝન હેઠળ ૯ પીઆઈ, ૩૦ પીએસઆઈ અને ૪૦૦ પોલીસ બે શિફટમાં બંદોબસ્ત કરશે.

ગાંધીનગર શહેર અને પેથાપુર વિસ્તારમાંથી નીકળતી રથયાત્રાનું સુપરવિઝન ગાંધીનગર ડિવીઝનના ડીવાયએસપી કરશે. જેમાં ચાર પી.આઈ., ૧૦૦ પોલીસ અને ૪ પીએસઆઈ બે શીફટમાં બંદોબસ્ત કરશે. તે ઉપરાંત દહેગામ અને સાદરા વિસ્તારની રથયાત્રાનું સુપરવિઝન એસ.સી., એસ.ટી., સેલના ડીવાયએસપી કરશે. તે ઉપરાંત કલોલ અને માણસાની રથયાત્રામાં કલોલ ડીવીઝનમાં ડીવાયેસપી સુપરવીઝન કરશે. સાદરામાં એક પીઆઈ, ૨ પીએસઆઈ અને ૪૦ પોલીસ તથા માણસામાં એક પી.આઈ., ૩ પીએસઆઈ, ૬૫ પોલીસ બંદોબસ્તમાં તૈનાત રાખવામાં આવશે. જિલ્લા ભરમાં રથયાત્રા બંદોબસ્ત માટે ત્રણ ડિવાયએસપી, ૯ પી.આઈ., ૩૦ પીએસઆઈ, અને ૪૦૦ પોલીસ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સાચવશે. તે ઉપરાંત એસઓજીની ટીમ કલોલની રથયાત્રામાં રહેશે જ્યારે એલસીબીની ટીમ એસ.પી.ના સ્ટ્રાઈકીંગ ફોર્સમાં રહેશે. રથયાત્રાના દરેક સ્થળોએ પોલીસના એક વીડીયોગ્રાફર પણ સંપુર્ણ

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧

વેલકમ હમ દિલસે કરતે હૈ...
હોટલ ઘુંઘટનું નવું વધુ એક સોપાન
નવવિકસીત ગાંધીનગરમાં
હોટલ મીડલ ટાઉન
ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્કીમ+ કોલ્ડ્રીંક
એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦
એ.સી. બેન્કવેટ હોલ
● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા
પ્રમુખ આર્કેડ
ફોન : ૦૭૯-૨૯૨૮૮૮૮૭, ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૪૦૯૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com